**કૃપાકરી પ્રસિધ્ધી માટે** **૧૪ માર્ચ ૨૦૧૨**

## સામાન્ય મુસાફરોની લૂંટફાટ અને
## ગેરમાર્ગે દોરનારૂં રેલ્વે અર્થસંકલ્પ : રામ નાઈક

**મુંબઈ, બુધવાર :** "સામાન્ય રેલ્વે મુસાફરો અને લૂંટફાટ કરનારૂં અને ગેરમાર્ગે દોરનારૂં આ રેલ્વે અર્થસંકલ્પ છે," આ મુજબની ટીકા માજી રેલ્વે રાજય પ્રધાન (સ્વતંત્ર પ્રભાર) શ્રી રામ નાઈકે કરેલ છે.

રેલ્વે પ્રધાન શ્રી.દિનેશ ત્રિવેદીએ ભાડાવૃધ્ધી કરી મુસાફરો પર નાખેલો ભાર મોટો છે.કિલોમીટરદીઠ ૨ પૈસા એ સાંભળવામાં ઓછું લાગે છે, પણ તે ખરા અર્થે જોઈએ તો વિરાર - ચર્ચગેટ મુસાફરી માં દરરોજના રૂ.૨.૪૦ પૈસા વધારાના થશે અને માસિક પાસ માટે રૂ.૪૮ લાગશે તે ધ્યાનમાં લેવું જોઈએ, તેમ કહી "એમયુટીપી - ૧ પૂર્ણ થયેલ છે તેવું પ્રતિપાદન જો રેલ્વે પ્રધાન કરતા હોય, તો પછી આ પ્રકલ્પની ચર્ચગેટ - દહાણુની સીધી ટ્રેન કેમ શરૂ કરતા નથી ? ", આવો પ્રશ્ન શ્રી રામ નાઈકે પોતાની પ્રતિક્રિયા વ્યકત કરતા કર્યો હતો.

" મોટેભાગે બધીજ યોજના પર રેલ્વે પ્રધાને વિચાર કરવાનો સંકલ્પ વ્યકત કર્યો છે. આ કામ કર્યા વિના નો બબડાટ છે" આમ કહી શ્રી રામ નાઈકે કહ્યું હતું, "ડીસી નું એસી થવાથી ચર્ચગેટ - વિરાર ટ્રેનો ની ગતી ૮૦ કિલોમીટરથી ૧૦૦ કીલોમીટર થયેલ છે. તેથી નવું સમયપત્રક કરવાથી ૨૫ ટકા ગાડીઓ વધારી શકાય. તે વધારવી એવી માગણી અમે રેલ્વે પ્રધાન પાસે કરી હતી. આ અપેક્ષા પૂર્ણ ન થઈ તોય કમ સે કમ અમુક ફેરા વધ્યા હોવાનો સંતોષ મુંબઈગરા ઉપનગરી મુસાફરો ને થયો છે."

સંપૂર્ણ દેશ નો વિચાર કરીયે તો આ રેલ્વે અર્થસંકલ્પમાં ભાવવધારા ના ભાર સિવાય સામાન્ય માણસના હાથમાં કશું જ ન આવ્યું આ મુજબની ટીકા શ્રી રામ નાઈકે કરી છે.

**(કાર્યાલય સચિવ)**